accent
bonding precision

www.accentmicrocell.com
CIN : U24230GJ2012PLC069799

Date: 15.10.2026

To
National Stock Exchange of India Limited
'Exchange Plaza', Bandra-Kurla Complex
Bandra (East), Mumbai 400051

**<u>Subject</u>:** ***Newspaper Publication of the un-audited financial results for the half year ended 30th September, 2026***

**<u>Ref:</u>** ***ACCENT MICROCELL LIMITED (Scrip Symbol: ACCENTMIC)***

Dear Sir/ Madam

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find the enclosed copies of the un-audited financial results for the half year ended 30th September, 2026 as published in the following newspapers dated 15th October, 2026.

1. Financial Express (English)
2. Financial Express (Gujarati)

The same is also uploaded on the website of the Company at www.accentmicrocell.com

Kindly take the same on records.

**For Accent Microcell Limited**

**Hiral Gajera**
**Company Secretary and Compliance Officer**
**(M. No.A48107)**

*Encl:*
1. *Copy of newspaper advertisement published in Financial Express (English)- Ahmedabad*
2. *Copy of newspaper advertisement published in Financial Express (Gujarati)*

Unit-2 (Dahej SEZ) : Plot No. Z/59-60-63-64, Dahej - SEZ, Part-1, Ta.: Vagra, Dist.: Bharuch-392130, Gujarat, India. | p: +91 75758 05960
Unit-I (Pirana Plant) : Survey No. 533/P, Paldi Kankaj, Pirana Road, Ta: Dascroi, Dist: Ahmedabad-382425, Gujarat, India. | p: +91 2718 288001/288002

**Accent Microcell Limited** (Formerly known as Accent Microcell Private Limited)
**Regd. Office :** 314, Shangrilla Arcade, Shyamal Cross Road, Anand Nagar Road, Satellite, Ahmedabad-380015, Gujarat-India.
p: +91 79 32522633/40094906/32459689/40042367
f: +91 79 40094907 | e: info@accentmicrocell.com

# હાઇકોર્ટે રૂા.૧૪૪ કરોડ જમા કરાવવા મામલે વધારે સમયની સ્પાઇસજેટની માંગણી ફગાવી

**નિતિન કુમાર**
નવી દિલ્હી, તા.૧૪




**દિલ્હી હાઈકોર્ટે મંગળવારે** સ્પાઇસજેટ અને તેના મેનેજિંગ ડિરેક્ટર અજય સિંઘની રૂપિયા ૧૪૪ કરોડ જમા કરાવવા માટે વધુ સમય આપવાની માગ કરતી અરજી ફગાવી દીધી હતી. કલ એરવેઝ અને તેના પ્રમોટર કલાનિધિ મારન સાથે ચાલી રહેલા કાનૂની વિવાદના સંદર્ભમાં આ અરજી કરવામાં આવી હતી. કોર્ટે ગુરુગ્રામમાં આવેલી મિલકતના દસ્તાવેજો જમા રકમના વિકલ્પ તરીકે સ્વીકારવાની એરલાઇનની દરખાસ્ત પણ નકારી કાઢી હતી.

આ નિર્ણય સ્પાઇસજેટ માટે મોટો ફટકો છે. એરલાઇને કોર્ટના અગાઉના નિર્દેશોનું પાલન કરવા માટે વધુ સમય માગ્યો હતો. આ નિર્દેશો અનુસાર, ૧૩ જુલાઈના આદેશથી ૪૫ દિવસમાં રૂપિયા ૫૦ કરોડ અને ૯૦ દિવસમાં બાકીના રૂપિયા ૯૪ કરોડ જમા કરાવવાના હતા.

અરજી ફગાવતી વખતે કોર્ટે નોંધ્યું હતું કે જો સ્પાઇસજેટે શરૂઆતમાં રૂપિયા ૫૦ કરોડ જમા કરાવ્યા હોત, તો મિલકતના દસ્તાવેજો સ્વીકારવા અંગે વિચારણા થઈ શકી હોત. કોર્ટની આ ટિપ્પણી દર્શાવે છે કે વૈકલ્પિક જામીનગીરી અંગે વિચારણા કરતાં પહેલાં અગાઉના નિર્દેશોનું પાલન કરવાને કોર્ટે મહત્ત્વ આપ્યું હતું.

સ્પાઇસજેટ અને અજય સિંઘે તેમની અરજીમાં રકમ જમા કરાવવા માટે વધુ સમય માગ્યો હતો. સાથે જ હરિયાણાના ગુરુગ્રામના ઉદ્યોગ વિહાર વિસ્તારમાં આવેલી મિલકતના દસ્તાવેજો જમા કરાવવાની મંજૂરી પણ માગી હતી. તેમણે કોર્ટ સમક્ષ રકમ જમા કરાવવાની વ્યક્તિગત બાંયધરી પણ આપી હતી.

૧૩ જુલાઈના આદેશમાં એરલાઇન અને સિંઘને કોર્ટના નિર્દેશોનું પાલન કરવાની તેમની સદ્‌ભાવના દર્શાવવા માટે રકમ જમા કરાવવાનો આદેશ અપાયો હતો. સ્પાઇસજેટની વિનંતીને પગલે કોર્ટે આર્બિટ્રેશનના ચુકાદાને પડકારતી તેમની અરજી પરની કાર્યવાહી પણ નવેમ્બર ૨૦૨૬ સુધી મુલતવી રાખી હતી. સુનાવણીની શરત તરીકે એરલાઇને રકમ જમા કરાવવા માટે સમય માગ્યો હતો.

આ કાર્યવાહી કલ એરવેઝ અને મારનની તરફેણમાં આવેલા લવાદી ચુકાદા અંગેના લાંબા સમયથી ચાલી રહેલા વિવાદમાંથી ઊભી થઈ છે. સ્પાઇસજેટ અને સિંઘે આર્બિટ્રેશન એન્ડ કન્સિલિએશન એક્ટ, ૧૯૯૬ની કલમ ૩૪ હેઠળ આ ચુકાદાને પડકાર્યો છે. બીજી તરફ, કલ એરવેઝ અને મારન ચુકાદાનો અમલ કરાવવા માટે અમલીકરણની કાર્યવાહી આગળ ધપાવી રહ્યાં છે.

સુપ્રીમ કોર્ટે ૧૯ મેના રોજ સ્પાઇસજેટ અને સિંઘને લવાદી રકમ જમા કરાવવાના હાઈકોર્ટના નિર્દેશોમાં હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કર્યો હતો. ત્યારબાદ એરલાઇન અને સિંઘે નિર્દેશોનું પાલન કરવા માટે વધુ સમયની માગ સાથે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.તાજેતરની અરજી ફગાવાતાં સ્પાઇસજેટને માગેલો વધારાનો સમય મળ્યો નથી. મૂળ નિર્દેશો અનુસાર રકમ જમા કરાવવાની સ્થિતિ અને આગામી સુનાવણી પર તેની શું અસર પડે છે.

તે આ કેસમાં મહત્ત્વપૂર્ણ રહેશે.

કલ એરવેઝ અને મારન તરફથી વરિષ્ઠ વકીલ જયંત મહેતા સાથે કરણજાવાલા એન્ડ કંપનીના વકીલોએ રજૂઆત કરી હતી.

સ્પાઇસજેટ અને અજય સિંઘ તરફથી વરિષ્ઠ વકીલ અમિત સિબલે દલીલો રજૂ કરી હતી.


## accent એસેન્ટ માઇક્રોસેલ લીમીટેડ

CIN : U24230GJ2012PLC069799
**રજીસ્ટર્ડ ઓફીસ** : ૩૧૪, શાંગરિલા આર્કેડ, શ્યામલ ક્રોસ રોડ, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ, ગુજરાત–૩૮૦૦૧૫ **ફોન** : +૯૧ ૭૯૪૦૦૪૨૩૬૭ / +૯૧ ૭૯ ૪૦૦૯૪૯૦૭
**ઇમેઇલ** : info@accentmicrocell.com **વેબસાઇટ** : www.accentmicrocell.com

**૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પુરા થતાં છ માસિકના અનઓડિટેડ નાણાંકિય પરિણામોનો સાર**

(રૂા. લાખમાં)

| ક્રમ નં. | વિગતો | છ માસિકના અંતે 30/09/2026 (અનઓડિટેડ) | 31/03/2026 (અનઓડિટેડ) | 30/09/2025 (અનઓડિટેડ) | વર્ષના અંતે 31/03/2026 (ઓડિટેડ) |
|---|---|---|---|---|---|
| ૧ | કામકાજમાંથી કુલ આવકો | 17,738.68 | 21,383.24 | 14,196.71 | 35,579.95 |
| ૨ | ગાળાનો ચોખ્ખો નફો (વેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ ચીજો પહેલા) | 4,137.50 | 3,420.26 | 2,405.92 | 5,826.18 |
| ૩ | વેરા પુર્વે ગાળાનો ચોખ્ખો નફો (અપવાદરૂપ અને/અથવા અસાધારણ ચીજો પછી) | 4,137.50 | 3,420.26 | 2,405.92 | 5,826.18 |
| ૪ | વેરા પછી ગાળાનો ચોખ્ખો નફો (અપવાદરૂપ અને/અથવા અસાધારણ ચીજો પછી) | 3,111.60 | 2,579.03 | 1,806.82 | 4,385.86 |
| ૫ | ગાળાની કુલ સંયુક્ત આવક (વેરા પછી નફો અને વેરા પછી અન્ય સંયુક્ત આવક સહીત | 3,111.60 | 2,579.03 | 1,806.82 | 4,385.86 |
| ૬ | ભરપાઈ થયેલ ઇક્વિટી શેર મુડી (પ્રતિદિઠ રૂા. ૧૦/–ની મુળ કિંમત) | 2,398.90 | 2,398.90 | 2,398.90 | 2,398.90 |
| ૭ | અનામતો (પુર્નમુલ્યાંકિત અનામતો સિવાય) પાછલા વર્ષના ઓડિટેડ સરવૈયામા દર્શાવ્યા મુજબ | 28,021.28 | 25,149.56 | 22,565.53 | 25,149.56 |
| ૮ | શેર દીઠ કમાણી મુળ: | 12.97 | 10.97 | 7.84 | 18.65 |
| | ઘટાડેલી: | 12.97 | 10.97 | 7.84 | 18.65 |

**નોંધો :**
૧. ઉપરોકત નાણાંકિય પરિણામોની ઓડિટ કમીટી દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી અને બોર્ડ ઓફ ડાયરેકટર્સે ૧૪ ઓકટોબર, ૨૦૨૬ ના રોજયોજાયેલ તેમની સંબંધિત બેઠકોમાં રેકોર્ડ પર લીધા હતાં.
૨. આ નાણાંકિય પરિણામો કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા સુચિત એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ (એએસ) અને કંપની કાયદા, ૨૦૧૩ની કલમ ૧૩૩ હેઠળ નિયત, તે હેઠળ જારી સંબંધિત નિયમો અને તાજેતરમાં લાગુ ભારતમાં મોટાભાગે સ્વીકૃત અન્ય એકાઉન્ટીંગ સિદ્ધાંતોના અનુપાલન અંતર્ગત તૈયાર કરાયેલ છે.
૩. સ્ટેચ્યુટરી ઓડિટરોએ ઉપરોકત પરિણામોનું ઓડિટ કર્યું હતું અને આ પરિણામો પર સુધારા રહીત મત વ્યકત કર્યો હતો.
૪. એમસીએ નોટીફીકેશન તારીખ ૧૬ ફેબ્રુઆરી ,૨૦૧૫ મુજબ કંપનીઓ જેમના શેર્સ સેબી ના ચેપ્ટર એક્સબી (ઇસ્યુ ઓફ કેપીટલ એન્ડ ડિસકલોઝર રીક્વયારમેન્ટસ) નિયમનો, ૨૦૦૯ ના પ્રકરણ એક્સબીમાં સંદર્ભિત એસએમઈ એક્સચેન્જમાં લીસ્ટેડ છે, ઇન્ડ એએસની સ્વીકૃતિની ફરજિયાત જરૂરીયાતમાંથી મુકિતમાં થી બાકાત છે.
૫. કંપનીની દહેજ(એસઈઝેડ યુનિટ) પિરાના અને નાયકા ખાતે આવેલ ૩ મેન્યુફેકચરીંગ સવલતો ધરાવે છે. તદઅનુસાર, કંપની એએસ–૧૭ સેગમ્ન્ટ રીપોર્ટીંગ અનુસાર સવલતોની તેની ભૌગોલિક સ્થાન અનુસાર અલગ રીપોર્ટેબલ બિઝનેશ સેગમ્ન્ટનો અહેવાલ આપે છે. જેના માટેનો ખુલાસો જોડાણ ૧ માં સાથે જોડાયેલ અલગ નોંધમાં આપેલ છે.
૬. આઈપીઓમાંથી આવક રૂા. ૭,૮૪૦.૦૦ લાખ છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ કાર્ય, નિર્ધારીત ઉપયોગ અને વપરાયેલ રકમ નીચે મુજબ છે.

| વિગતો | ફાળવાયેલ કુલ રકમ લાખમાં | વપરાયેલ કુલ રકમ * લાખમાં |
|---|---|---|
| ક્રોસ્કરમેલોસ સોડિયમ (સીસીએસ) અને સોડિયમ સ્ટાર્ચ ગ્લાયકોલેટ (એસએસજી) અને કેબોક્સીમેથીલસેલ્યુલોઝ (સીએમસી) ના ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપન માટે | 5439.38 | 7248.41 |
| જનરલ કોર્પોરેટ પરપઝ | 1790.33 | 1121.92 |
| ઇસ્યુ સંબંધિત ખર્ચ | 610.29 | 657.91 |
| કુલ | 7840.00 | 9028.24 |

* એફડી ઇન્ટરેસ્ટ રૂા. ૦.૯૨ લાખની ચોખ્ખી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પુરા થતાં છ માસિક દરમિયાન જમા કરાયેલ છે (૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ મુજબ– રૂા. ૫૪૩.૫૨ લાખ)
**નોંધ:** કંપની કાયદા, ૨૦૧૩ની કલમ ૫૨(૨)(સી)ની જોગવાઈઓ અન્વયે, આઈપીઓ મારફત શેર્સના જારીનો પુરેપુરો ખર્ચ સિક્યોરીટીઝ પ્રિમિયમ એકાઉન્ટમાંથી કરાયો છે.
૭. રાઈટ ઇસ્યુમાંથી આવક રૂા. ૩,૯૭૭.૧૩ લાખ છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ કાર્ય, નિર્ધારીત ઉપયોગ અને વપરાયેલ રકમ નીચે મુજબ છે.

| વિગતો | ફાળવાયેલ કુલ રકમ લાખમાં | વપરાયેલ કુલ રકમ * લાખમાં |
|---|---|---|
| માઈક્રોક્રીસ્ટલલાઈન સેલ્યુલોઝના ઉત્પાદન માટે પ્લાન્ટની સ્થાપના માટે | 3232.71 | 6279.67 |
| જનરલ કોર્પોરેટ પરપઝ | 694.42 | 106.25 |
| ઇસ્યુ સંબંધિત ખર્ચ | 50.00 | 58.90 |
| કુલ | 3977.13 | 6444.82 |

* એફડી વ્યાજ રૂા. ૨.૫૦ લાખની ચોખ્ખી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પુરા થતાં છ માસિક દરમિયાન જમા કરાઈ હતી (૩૦ સપ્ટેમ્બર ,૨૦૨૬ મુજબ –૭૪.૮૧ લાખ) **નોંધ:** કંપની કાયદા, ૨૦૧૩ની કલમ ૫૨(૨)(સી)ની જોગવાઈઓ અન્વયે, રાઈટ ઇસ્યુ મારફત શેર્સના જારીનો પુરેપુરો ખર્ચ સિક્યોરીટીઝ પ્રિમિયમ એકાઉન્ટમાંથી કરાયો છે.
૮. કંપની સેબી સર્ક્યુલર SEBI/HO/DDHS/CIR/P/2018/144 તારીખ ૨૬ નવેમ્બર, ૨૦૧૮ હેઠળ અપાયેલ લાયકાતના માપદંડો અનુસાર લાર્જ કોર્પોરેટ નથી.
૯. ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પુરા થતાં છ માસિકના આંકડા પુરેપુરા નાણાંકિય વર્ષના સંબંધમાં ઓડિટેડ આંકાડાઓ અને સંબંધિત નાણાકિય વર્ષના સપ્ટેમ્બરમાં પુરા થતાં છ માસિકના અંતિમ તારીખ સુધીના અન ઓડિટેડ આંકડાઓ વચ્ચે તફાવત દર્શાવે છે, જે મર્યાદિત સમીક્ષાને આધિન હતાં.
૧૦. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ અને ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પુરા થતાં છ માસિકની શેરદીઠ કમાણી છ માહિના માટે ગણાયેલ છે અને વાર્ષિક નથી.
૧૧. પાછલા વર્ષના આંકડા વર્તમાન ગાળાના વર્ગીકરણ સાથે તેની તુલના કરવા માટે જરૂર જણાઈ ત્યાં પુર્નવર્ગીકૃત, પુર્નઉક્ત અને પુર્નગઠિત કરાયા છે.

**એસેન્ટ માઇક્રોસેલ લીમીટેડ વતી અને માટે**
સહી/–
ઘનશ્યામ અરજણભાઇ પટેલ
મેનેજિંગ ડાયરેકટર
(ડીઆઇએન : ૦૫૨૨૫૩૯૮)

તારીખ : ૧૪.૧૦.૨૦૨૬
સ્થળ : અમદાવાદ


## ■ સીએમ ફડણવીસે પુણેમાં હ્યુન્ડાઈ મોટરના પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું



મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે બુધવારે પુણેના તલેગાંવમાં હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાના પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે દક્ષિણ કોરિયન કંપનીઓને રાજ્યમાં ઉત્પાદન એકમો સ્થાપવા અને રોકાણ માટે આમંત્રણ આપ્યું હતું. જેમાં સરળ રોકાણ પ્રક્રિયાની ખાતરી આપી હતી.

# લીલા પેલેસનો ચોખ્ખો નફો ૨૬ ટકા કરતાં વધુ વધીને રૂપિયા ૯૫ કરોડે પહોંચ્યો

**સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીની આવક વધી રૂપિયા ૪૧૮ કરોડ થઇ છે**

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા.૧૪




**મજબૂત માંગ દ્વારા** આવક વૃદ્ધિને પગલે લીલા પેલેસીસ હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સનો સંકલિત ચોખ્ખો નફો સપ્ટેમ્બર મહિનાના અંતે પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળામાં ૨૬.૬ ટકા વધીને રૂા.૯૪.૬ કરોડ નોંધાયો છે, એમ કંપનીએ એક નિયમનકારી યાદીમાં જણાવ્યું હતું.

લક્ઝરી હોસ્પિટાલિટી ખેલાડીએ પાછલા નાણાકીય વર્ષના સમાન સમય ગાળામાં રૂા.૭૪.૭૨ કરોડનો સંકલિત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

નાણાંકીય વષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિક ગાળાનું પ્રદર્શન ધ લીલા બ્રાન્ડની મજબૂતી અને ભારતના લક્ઝરી હોસ્પિટાલિટી બજારમાં રહેલા માળખાગત અનુકૂળ પરિબળોનો પુરાવો છે. કંપનીની યાદી અનુસાર, અમારી ઓપરેટિંગ આવકમાં ૩૩ ટકાનો વધારો થયો છે, જેના પરિણામે ઓપરટિંગ ઇબીઆઇટીડીએમાં ૩૬ ટકાનો વધારો જોવા મળ્યો છે, આ અમારા મજબૂત વ્યવસાયિક પાયા અને વિવિધ વિભાગોમાં શ્રેષ્ઠ કામગીરીને પ્રતિબિંબિત કરે છે, તેમ ધ લીલાના સંપૂર્ણ સમયના ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર (સીઇઓ) અનુરાગ ભટનાગરે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે મહત્વની વાત છે કે રિટેલ, કંપની જગત અને આરામ એમ તમામ ક્ષેત્રોમાં માંગ વ્યાપક રહી હતી. આમાં અમારા સ્યુટ માટેની મજબૂત માંગ અને મહત્વપૂર્ણ કાર્યક્રમો દરમિયાન ઊંચા દર વસુલવાની અમારી ક્ષમતાએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

કંપનીની કામગીરીમાંથી આવક સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળા દરમિયાન પાછળા નાણાકીય વર્ષના સમાન સમય ગાળામાં રૂા.૩૩૩.૪૫ કરોડથી વધીને રૂા.૪૧૮ કરોડ થઇ છે.

સમીક્ષા હેઠળનો કંપનીનો કુલ કામકાજી ખર્ચ રૂા.૧૭૨.૭૧ કરોડથી વધીને રૂા.૨૨૪.૧૪ કરોડ થયો છે.

# સરકારે ચાંદીની લગડીઓની આયાત માટે પરવાના લેવાની કાર્યવાહીને સરળ બનાવી

**વાણિજ્ય મંત્રાલયે ચાંદીની** અમુક વસ્તુઓ માટે આયાત મંજૂરીઓ આપવાની પ્રક્રિયાને ઝડપી બનાવવાના હેતુથી, સાચા અરજદારો માટે પ્રક્રિયાનો સમય ઘટાડવા માટે સ્વ-ઘોષણા પર આધારિત એક સરળ પદ્ધતિ દાખલ કરી છે.

ચાંદીની વસ્તુઓની આયાત નિયંત્રિત કેટેગરીમાં રહી છે, જે હેઠળ સરકાર પાસેથી લાયસન્સ, ઓથોરાઇઝેશન, કે મંજૂરી મેળવવાની જરૂર રહે છે.વેપારને સરળ બનાવવા અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ(વેપાર-વાણિજ્યની સરળતા)માં સુધારો કરવાના હેતુથી, ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ એ એક વેપાર સૂચનામાં જણાવ્યું છે કે ચાંદીની વસ્તુઓની( સિલ્વર ડોર સિવાયની) આયાત કરવા માટે સ્વ-ઘોષણા અને વિશ્વાસના આધારે આયાત મંજૂરીઓ ઝડપથી મેળવવા માટે એક સરળ પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી રહી છે,જેથી સાચા અરજદારો માટે પ્રક્રિયાનો સમય ઘટાડી શકાય. તેમાં જણાવવામાં આવ્યું છે કે એવી અરજીઓ કે જેની સાથે સ્વ-ઘોષણાપત્ર જોડાયેલું હોય--જેમાં એવો ઉલ્લેખ હોય કે પ્રસ્તાવિત આયાત કોઇપણ રાહતનો લાભ લીધા વગર સામાન્ય રીતે લાગુ પડતા દરે કસ્ટમ ડ્યૂટીની ચૂકવણી કરીને કરવામાં આવશે.

# મસ્ક કરતાં થોડા દિવસો વહેલી મંજૂરી મળશે તો આનંદ થશે : સુનિલ મિત્તલ

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા.૧૪



**ભારતી એરટેલના ચેરમેન** સુનિલ ભારતી મિત્તલે બુધવારે જણાવ્યું હતું કે તેમના સેટકોમ સાહસ-યુટેલસેટ વનવેબ ભારતમાં સેટેલાઇટ કોમ્યુનિકેશન(સેટકોમ)ક્ષેત્રે પરવાનગી મેળવવાની હરોળમાં એલન મસ્કની સ્ટારલિન્ક કરતા મહત્વપૂર્ણ રીતે આગળ છે-- કારણ કે તેણે પાંચ વર્ષ પહેલા જ લાયસન્સ માટે અરજી કરી હતી -- અને તેમણે ઉમેર્યુ હતું કે અમેરિકન ટેક અબજોપતિને મંજૂરી મળે તેના થોડા દિવસો પહેલા જ જો તેમને મંજૂરી મળી જાય, તો તેમને આનંદ રહેશે.

બ્લૂમબર્ગ ન્યૂ ઇકોનોમી ફોરમ-૨૦૨૬ ખાતે બોલતા, મિત્તલે જણાવ્યું હતું કે મને લાગે છે કે હું તેમના કરતા લાઇનમાં ઘણો આગળ છું. મેં પાંચ વર્ષ પહેલા આ અંગે અરજી કરી હતી, તેમ મિત્તલે એક પ્રશ્નનો ઉત્તર આપતા જણાવ્યું હતું. દેશમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સેવાઓ અંગેની ચર્ચા વચ્ચે ભારતના ટેલિકોમ ક્ષેત્રના અબજોપતિઓ પર મસ્કે તાજેતરમાં કરેલી ટીકાઓ બાબતે તેમને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.

મિત્તલે જણાવ્યું હતું કે તેમનું ગ્રાઉન્ડ નેટવર્ક છેલ્લા ત્રણ વર્ષથી સજ્જ છે અને તે ઉપગ્રહો પાંચ વર્ષથી ભારતની ઉપર તૈનાત હતા, તેમજ એ વાત પણ નોંધવામાં આવી હતી કે તેમની કંપનીને આવી સર્વિસીઝ શરૂ કરવાની મંજૂરી મળવાની હજું બાકી છે.

અમે હજું આવી મંજૂરી મેળવી નથી, આથી, મને ઘણો આનંદ થશે જો તેમના (મસ્ક)કરતા તેમને થોડા દિવસો વહેલી મંજૂરી આપવામાં આવે, તેમ મિત્તલે જણાવ્યું હતું.

મસ્કે તાજેતરમાં એક્સ પર કરેલી પોસ્ટમાં એવો આક્ષેપ કર્યો હતો કે ભારતીયો પર એકાધિકારક પકડ જાળવી રાખવા ઇચ્છતા અમુક અબજોપતિઓ દ્વારા સ્ટારલિંકને અવરોધવામાં આવી રહી છે.

બીજા દિવસે સંચાર મંત્રાલયે વળતો જવાબ આપતા જણાવ્યું હતું કે આ માળખું કે તેનો અમલ અયોગ્ય કે ભેદભાવપૂર્ણ હોવાના કોઇપણ સૂચનને પાયાવિહોણા અને ગેરસમજભર્યા ગણાવ્યા છે. ત્યારબાદ મસ્કે એકસ પર પૂછ્યું હતું કે શું રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ભારતના અગ્રણી બોસ છે.

ગત સપ્તાહે, સંદેશાવ્યવહાર ખાતાના પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે ભારત કોઇપણ ક્ષેત્રમાં મોનોપોલિને છૂટ આપશે નહીં.

હું આ બાબત સ્પષ્ટ કરવા માગુ છું. ટેલિકોમ્યુનિકેશન વિભાગ તરીકે,અમ કોઇ ચોક્કસ ટેકનોલોજીના પક્ષપાતી નથી...અમારૂકામદરેક ગ્રાહકને સર્વિસ પૂરી પાડવાનું છે, મુક્ત બજારમાં કઇ સેવા પસંદ કરવી અને તે સેવાઓની શ્રેણીમાં કઇ કંપનીની સેવા પસંદ કરવી, તે નક્કી કરવાનું કામ ગ્રાહકનું છે, તેમ તેમણે તાજેતરમાં યોજાઇ ગયેલી ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ દરમિયાન એક બ્રિફીંગમાં જણાવ્યું હતું.

સિંધિયાએ જણાવ્યું હતું કે ત્રણ સંસ્થાઓ--મસ્કની સ્ટારલિંક, રિલાયન્સ જીયોના સેટેલાઇટ વેન્ચર-જીયો સેટકોમ અને ભારતી સમર્થિત યુટેલસેટ વનવેબ--એ લાયસન્સીઝ ક્યારનાયે મેળવી લીધા છે જ્યારે એમેઝોનના પ્રોજેક્ટ ક્યુપરે રસ દર્શાવ્યો છે અને તેણે નિર્ધારિત પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

સિંધિયાએ ધ્યાન દોર્યુ કે એક ચોક્કસ કંપની વિશે ઘણી ચર્ચા થઇ હતી, પરંતુ વાસ્તવિકતા એ છે કે ત્રણ કંપનીઆને સેટકોમ લાયસન્સ મળેલા છે. અમે અમારી સ્થિતિ અંગે ખૂબ સ્પષ્ટ છીએ. ત્રણ પક્ષોને પરવાના મળ્યા છે, જ્યારે સરકાર આવકના આધારે શુલ્ક પદ્ધતિ નક્કી કરશે ત્યારે તેઓને સ્પેક્ટ્રમ ફાળવવામાં આવશે અને જ્યારે તેઓ વ્યક્તિગત રીતે સુરક્ષાની શરતોનું પાલન કરશે ત્યારે તેઓ કામગીરી શરૂ કરી શકશે, તેમ પ્રધાને જણાવ્યું હતું. તેમણે માહિતી આપી હતી કે ટ્રાઇ અને ટેલિકોમ ડિપાર્ટમેન્ટ સેટકોમ સ્પેક્ટ્રમ માટે ભાવ માળખા અંગે અંતિમ નિર્ણય લેવાની નજીક છે.


## punjab national bank ...the name you can BANK upon !

**એઆરએમબી મુંબઈ વેસ્ટર્ન**
પીએનબી પ્રગતી ટાવર, ત્રીજો માળ, પ્લોટ નં.
સી–૯, જી– બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા પુર્વ, મુંબઇ– ૪૦૦ ૦૫૧
ઇમેઇલ : cs4444@pnb.bank.in

**સરફૈસી એક્ટ હેઠળ સિક્યોર્ડ એસેટોના વેચાણ માટે વેચાણ નોટીસ**

**સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સિક્યોર્ડ એસેટના વેચાણ માટે ઇ–હરાજી વેચાણ નોટીસ.**

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને જાહેર જનતાને આથી નોટીસ આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જડ કરાયેલ છે, જેનો પ્રત્યક્ષ/પરોક્ષ/સાંકેતિક કબજો બેંક/સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જે અહીં નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબ "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે સંબંધિત દેવાદાર(રો) અને જામીનદાર(રો) પાસેથી બેંક/સિક્યોર્ડ લેણદારની બાકી રકમની વસુલાત માટે વેચવામાં આવશે. રીઝર્વ કિંમત અને અને અર્નેસ્ટ મની ડિપોઝીટ સંબંધિત મિલકતો સામે નીચે કોષ્ટકમાં જણાવેલ છે.

**સિક્યોર્ડ એસેટની વિગત**

| લોટ નં. | શાખાનું નામ / એકાઉન્ટનું નામ / દેવાદાર(રો)/ગીરવેદાર(રો)/ જામીનદાર(રો) નું નામ અને સરનામું / એકાઉન્ટ | ગીરો સ્થાવર મિલકતોની વિગત / ગીરવેદાર/ મિલકતના માલિકનું નામ | એ)સરફૈસી એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ બી) બાકી રકમ તારીખ મુજબ સી) સરફૈસી એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ કબજાની તારીખ ડી) કબજાનો પ્રકાર: સાંકેતિક/પ્રત્યક્ષ/ પરોક્ષ | એ) રિઝર્વ રકમ બી) ઇએમડી (ઇએમડી જમા કરાવવાની છેલ્લી તારીખ ) સી) બિડ વૃદ્ધિની રકમ | ઈ–હરાજીની તારીખ / સમય | સિક્યોર્ડ લેણદારની જાણમાં હોય તેવા બોજાની વિગતો / સંપર્કકર્તા વ્યક્તિનું નામ અને નંબર | મિલકતના સ્થળ માટે ક્યુઆર કોડ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એઆરએમબી મુંબઈ વેસ્ટર્ન શ્રી મોહસિન હસન ખાન (દેવાદાર) | ફ્લેટ નં. ૪૦૪, ચોથો માળ, બિલ્ડીંગ નં. બી, પોદાર અર્બન લાઇફ સ્ટાઇલ, સર્વે નં. ૪૨/પૈકી ૧/૧૨ થી ૧૯બી અને ૨૦એ થી ૨૨એ રેલવે ભીલાડ સ્ટેશન પાસે, એનએચ ૮, ગામ–દહેલી, તાલુકો–ઉમરગાંવ, જિલ્લો–વલસાડ, ગુજરાત–૩૯૬ ૧૦૫ | એ) ૨૦.૦૪.૨૦૨૧ બી) રૂા. ૩૦,૫૬,૧૩૧/– ૨૦.૦૪.૨૦૨૧ મુજબ વત્તા વ્યાજ અને ચાર્જ સી) ૧૬.૦૨.૨૦૨૨ ડી) સાંકેતિક | એ) રૂા. ૧૦,૩૦,૦૦૦/– બી) રૂા. ૧,૦૩,૦૦૦/– (૦૨.૧૧.૨૦૨૬ ૧૧:૫૯ પીએમ સુધી) સી) રૂા. ૧૦,૦૦૦/– | ૦૩.૧૧.૨૦૨૬ સમય: સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી | જાણમાં નથી. એમ. શ્રીનિવાસ રાવ ૯૬૩૨૭૮૬૨૭૪ અનિલ તુડુ ૯૧૧૩૩૧૧૮૫૨ | |
| ૨ | | ફ્લેટ નં. ૪૦૫, ચોથો માળ, બિલ્ડીંગ નં. બી, પોદાર અર્બન લાઇફ સ્ટાઇલ, સર્વે નં. ૪૨/પૈકી ૧/૧૨ થી ૧૯બી અને ૨૦એ થી ૨૨એ, રેલ્વે ભીલાડ સ્ટેશન પાસે , એનએચ ૮, ગામ–દહેલી, તાલુકો–ઉમરગાંવ, જિલ્લો–વલસાડ, ગુજરાત–૩૯૬ ૧૦૫ | | એ) રૂા. ૧૨,૯૮,૦૦૦/– બી) રૂા. ૧,૨૯,૮૦૦/– (૦૨.૧૧.૨૦૨૬ ૧૧:૫૯ પીએમ સુધી) સી) રૂા. ૧૦,૦૦૦/– | ૦૩.૧૧.૨૦૨૬ સમય: સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી | જાણમાં નથી. એમ. શ્રીનિવાસ રાવ ૯૬૩૨૭૮૬૨૭૪ અનિલ તુડુ ૯૧૧૩૩૧૧૮૫૨ | |
| ૩ | | ફ્લેટ નં. ૪૦૬, ચોથો માળ, બિલ્ડીંગ નં. બી, પોદાર અર્બન લાઇફ સ્ટાઇલ, સર્વે નં. ૪૨/પૈકી ૧/૧૨ થી ૧૯બી અને ૨૦એ થી ૨૨એ રેલવે પાસે, ભીલાડ સ્ટેશન, એનએચ ૮, મુકામ–ગામ–દહેલી, તાલુકો–ઉમરગાંવ, જિલ્લો–વલસાડ, ગુજરાત–૩૯૬ ૧૦૫ | | એ) રૂા. ૧૬,૭૦,૦૦૦/– બી) રૂા. ૧,૬૭,૦૦૦/– (૦૨.૧૧.૨૦૨૬ ૧૧:૫૯ પીએમ સુધી) સી) રૂા. ૧૦,૦૦૦/– | ૦૩.૧૧.૨૦૨૬ સમય: સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી | જાણમાં નથી. એમ. શ્રીનિવાસ રાવ ૯૬૩૨૭૮૬૨૭૪ અનિલ તુડુ ૯૧૧૩૩૧૧૮૫૨ | |

**શરતો અને નિયમો**

**વેચાણ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ માં નિયત શરતો અને નિયમો અને નીચેની અન્ય શરતોને આધિન રહેશે:**
૧. મિલકતો **"જ્યાં છે", "જે છે" અને "જેમ છે"** ના ધોરણે વેચવામાં આવશે. ૨. અહીં ઉપરોક્ત શીડ્યુલમાં જણાવેલ સિક્યોર્ડ મિલકતોની વિગતો અધિકૃત અધિકારી પાસે પ્રાપ્ય શ્રેષ્ઠ જાણકારી હેઠળ અપાયેલ છે, પંરતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભુલ, અથવા ચુક માટે જવાબદાર ગણાશે નહી. ૩. વેચાણ ઉપર સંબંધિત કોલમોમાં જણાવેલ તારીખ અને સમયે વેબસાઈટ https://baanknet.com પર આપેલ ઈ–હરાજી પ્લેટફોર્મ મારફત નીચે સહી કરનાર દ્વારા કરવામાં આવશે. ૪. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://baanknet.com અને www.pnbindia.in જોવા વિનંતી છે. ૫. ઇચ્છુક બીડરો/ખીરીદારોને પોર્ટલ (https://baanknet.com ) ઉપર તેના ઈમેઈલ આઈડી અને મોબાઇલ નંબરોનો ઉપયોગ કરીને રજીસ્ટર કરાવા વિનંતી છે. ઈ–કેવાયસીની પ્રક્રિયા ડિજીલોકર મારફત કરવામાં આવશે. એક વખત ઈ–કેવાયસી થયા પછી ઇચ્છુક બીડરો/ખરીદાર પોર્ટલમાં ઈ–હરાજીનીતારીખ અને સમયલ પહેલા ઓનલાઇન/ચલાન પદ્ધતિનો ઉપયોગ કરીને તેમના ઈ–વોલેટમાં ઈએમડીની રકમ ટ્રાન્સફર કરી શકે છે. રજીસ્ટ્રેશન, ઈ–કેવાયસીની ચકાસણી વોલેટમાં ઈએમડીના ટ્રાન્સફર અને મિલકતની વોલેટ રકમનું લિંકીંગ હરાજી પહેલા અગાઉથી પુર્ણ કરવું પડશે. ૬. વેચાણ નોટીસ, ઈ–હરાજીની શરતો અને નિયમો, ઈ–હરાજીના કામકાજી વિભાગ માટે હેલ્પ મેન્યુઅલ યોગ્ય રીતે વાંચવા અને તેનું કડકપણે પાલન કરવાની જવાબદારી રસ ધરાવતા બીડરોની છે. ૭. સિક્યોર્ડ એસેટ રીઝર્વ કિંમતથી ઓછી કિંમતે વેચવામાં આવશે નહી. લઘુત્તમ (પ્રથમ) બીડ રીઝર્વ કિંમત વત્તા બીડ વૃદ્ધિની રકમ હોવી જોઈએ. સફળ બીડરે બીડની રકમની ૨૫ ટકા (પચ્ચીસ ટકા), જમા કરાયેલ ઈએમડી બાદ કરીને, તેજ દિવસે અથવા તેના પછીના ચાલુ દિવસે ચુકવવાની રહેશે. અને બાકી રકમ હરાજીની તારીખથી ૧૫ દિવસની અંદર અધિકૃત અધિકારી **પંજાબ નેશનલ બેંક** એકાઉન્ટ (એકાઉન્ટનુંનામ) ની તરફેણમાં શીડ્યુલ કોર્મસીયલ બેંકના બેંકર્સ ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટના સ્વરૂપે ચુકવવાની રહેશે. જણાવેલ સમયગાળા દરમિયાન ઉપરોક્ત રકમનો જમા કરવામાં નિષ્ફળ જતાં, સફળ બીડર દ્વારા બેંકને જમા કરાયેલ રકમ જપ્ત કરવામાં આવશે અને અધિકૃત અધિકારી મિલકતની નવી હરાજી/વેચાણ કરવા સ્વતંત્ર રહેશે અને કસુરવાર બીડર જપ્ત કરાયેલ રકમ અથવા મિલકત પર કોઈ દાવો ધરાવશે નહી. ૮. અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યા વગર કોઈપણ અથવા તમામ બીડો નો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો હક ધરાવે છે. જો સ્વીકાર્ય ન લાગેતો અથવા હરાજી મોકુફ/રદ/બંધ રાખવાનો અથવા હરાજીની શરતોમાં ફેરફાર કરવાનો હક ધરાવે છે અને આ સંબંધમાં તેમનો નિર્ણય અંતિમ ગણાશે. વેચાણની મંજુરી સિક્યોર્ડ લેણદારની મંજુરીને આધિન રહેશે. ૯. તમામ કાનુની લેણાં/એટેન્ડન્ટ ચાર્જ/ અન્ય બાકી રકમ તેમજ રજીસ્ટ્રેશન ચાર્જ, સ્ટેમ્પ ડ્યુટી, વેરો વગેરે ખરીદારે ભોગવવાના રહેશે. અધિકૃત અધિકારી અથવા બેંક કોઈપણ ચાર્જ, બોજા અથવા અન્ય કોઇ સરકારી બાકી રકમ, બેંકમાં જાણમાં ન હોય તેવા મિલકતો (ઈ–હરાજી કરાયેલ) ના સંબધમાં કોઈપણ અન્યના બોજાઓ માટે જવાબદાર ગણાશે નહી. ઈચ્છુક બીડરોને મિલકત પરના બોજા તેમજ કાનુની લાયબીલીટીઝ, મિલકત વેરાના બાકી, ઈલેક્ટ્રીસીટીના બાકી વગેરેનાં સંબંધમાં તેમની જાતે સ્વતંત્ર પુછપરછ કરવા સલાહ છે.

તારીખ : ૧૫.૧૦.૨૦૨૬
સ્થળ : ગુજરાત

સહી/–
અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

